ડીસા માર્કેટ યાર્ડ અચોક્કસ મુદ્દત માટે બંધ

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૬

ડીસા માર્કેટ યાર્ડના અંદાજિત ૩૦૦ વહેપારી પેઢીઓ દ્વારા આજથી અચોક્કસ મુદ્દત માટે પોતાના ધંધા રોજગાર બંધ રાખવાના એલાન સાથે બંધ પાળતા ખેડૂતોની ચોમાસામાં હાલત કફોડી બનેલ છે. વેપારીઓએ એક ઈસમ દાદાગીરી અને ખંડણી ઉઘરાવી વેપારીઓને પજવણી કરતો હોવાનું જાહેર કરાયું છે.

ડીસા માર્કેટ યાર્ડ અચોક્કસ મુદ્દત માટે બંધ દ્વારા ગઈકાલે મંગળવારે ડીસા ગ્રેઈન એન્ડ સીડ્સ મર્ચન્ટ એસોસિએશન દ્વારા ડીસા ગ્રેઈન એન્ડ સીડ્સ મર્ચન્ટ એસોસિએશન દ્વારા ડીસાના મામલતદાર, પોલીસ અને એસ.ડી.એમ.ને આવેદનપત્ર અપાયું છે. જેમાં જાહેર કરાયું છે કે 'અમારા માર્કેટ યાર્ડમાં રોજગોર રણછોડ સોનાજી નામનો ઈસમ છેલ્લા ઘણા સમયથી વેપારીઓને હેરાન કરી, ધાકધમકી આપે છે અને વેપારીઓ અને ખેડૂતો પાસેથી હપ્તા ઉઘરાવે છે. જો કોઈ વેપારી તેને હપ્તો આપવાનો ઈન્કાર કરે તો આવા વેપારીની વિરુદ્ધમાં ખોટી ફરિયાદ કરે છે. વેપારીઓ પાસેથી બળજબરી નાણાં પડાવવા બાબતે ડીસા સિટી પોલીસમાં આ ઈસમ સામેફરિયાદો થયેલ છે. આ ઈસમ સામે આ સિવાય પણ આર્થિક ગુનાઓ ખોટા ખોટા ડોક્યુમેન્ટ બનાવવા, ન્યાય તંત્ર સામે અને પોલીસ સામે આક્ષેપો કરવાની આ ઈસમ ટેવ ધરાવે છે. જેથી તેની સામે તડીપાર સહીતની કાયદેસરની કાર્યવાહી કરવા વેપારીઓની માંગણી છે.' તેવી હકીકત સાથે ૩૦૦ વેપારીઓએ આવેદનપત્ર આપ્યું હતું. જે બાદ આજરોજ ડીસા ગ્રેઈન એન્ડ સીડ્સ મર્ચન્ટ એસોસિએશન દ્વારા ન્યાય નહિ તો કામ નહિની ચીમકી સાથે ડીસા માર્કેટ યાર્ડ અચોક્કસ મુદ્દત માટે બંધનું એલાન ડીસા ગ્રેઈન એન્ડ સીડ્સ મર્ચન્ટ એસોસિએશન દ્વારા અપાતા આજે માર્કેટ યાર્ડ બંધ રખાયેલ છે. આ બાબતે એસોસિએશન પ્રમુખ મધુભાઈ પટેલ તેમની થતી પજવણી બાબતે પ્રત્યાઘાતો આપ્યા હતા. જ્યારે આ બંધના એલાનથી ચોમાસા સમયે પોતાનો પાક લઈ વેચવા આવેલા ખેડૂતોની હાલત કફોડી બને છે. જેમાં બંધથી અસરગ્રસ્ત ખેડૂત દાદાભાઈએ પોતાની પીડા જણાવી હતી. વેપારીઓએ આ પજવણી સામે સરકાર પ્રોટેકશન ન આપતા આખરી ઉપાયે આજે માર્કેટ યાર્ડ બંધ રખાયેલ હોવાનું જાહેર કરાયું હતું.

જ્યારે બીજી તરફ આજથી શરુ થતા અચોક્કસ મુદ્દત માર્કેટ યાર્ડ બંધથી પ્રતિદિનનું લાખોની થતી આવક અને જાવકનું કામકાજ ઠપ્પ થયેલ છે. મજુરો નવરા થઈ ગયા છે, ખેડૂતો ખેતરમાંથી લાવેલો પાક હવે ક્યાં મુકવો ? તેની મુજવણ અનુભવી રહ્યા છે ત્યારે આ તમામ બાબતો માટેનું નયમન કરનાર સત્તામંડળના જવાબદાર અધિકારી માર્કેટ યાર્ડ સેક્રેટરી વિનોદભાઈ પંચીવાલા દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી કરાયેલ નથી. તેમને એ સ્વિકાર્યું હતું કે આજે બંધ છે. મને જાણ છે પણ આ મામલે તેમને કાર્યવાહી શું કરી તેનો તેમને ગોળ ગોળ જવાબ આપી જાણે હાથ અદ્ધર કરી વેપારીઓને તેમના હાલ પર છોડેલ છે. જ્યારે બીજી તરફ આવેદનપત્ર બાદ અંદાજીત ૩૦૦ જેટલા વેપારીઓ આ અચોક્કસ મુદ્દતની હડતાલમાં જોડાયા છે એક ઈસમની કહેવાતી અનાધિકૃત માંગણીઓ સામે ન્યાયની આ લડતમાં માર્કેટય ર્ાડના ચેરમેન દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી કરાયેલ નથી. વેપારીઓ સ્પષ્ટ પોતાની આ રીતે પીડા રજૂ કરે છે અને ન્યાય માંગે છે.

જ્યારે બીજી તરફ આ બાબતે આક્ષેપો ફગાવતા રણછોડભાઈ રાજગોરે જણાવ્યું હતું કે, અમોએ જિલ્લા કલેક્ટર બનાસકાંઠાને અમુક વેપારીના બે નંબરી કાળાબજારના થતા વેપાર અંગે રજૂઆતો, પૂરાવા સાથે બાતમી આપતા અને ઘટતા પગલાં લેવા જણાવતા અમો બાતમીદારનો યેનકેન પ્રકારે કાંટો કાઢવા સામાપક્ષના વેપારીઓ દ્વારા હાલની આ કાર્યવાહી કરવામાં આવેલ છે, તેવું તેમણે જણાવ્યું હતું.

ડીસામાં અંદાજીત ત્રણ લાખની ચોરી

ડીસા, તા. ૨૬

ડીસા દક્ષિણ પોલીસ વિસ્તાર પુનઃ તસ્કરોનુંટાર્ગેટ બનેલ છે. ગઈકાલેશુભાષ ચોકમાં એક લાખની ચોરીની ઘટના બાદ પુનઃ આજે ચંદ્રલોક સોસાયટીમાં ત્રણ લાખની મત્તા ચોરી હોવાની ઘટના બહાર આવેલ છે.

બનાસકાંઠાનું ડીસા અને તેમાં પણ દક્ષિણ પોલીસમથક સાતીર ચોરોનું પસંદગીનુંકેન્દ્ર બને છે. અહીં ચોરી કરતા ઈસમોએ પોલીસની આંખોમાં ધૂળ નાંખી ધામા નાખ્યા છે. જેનો બોલતો પુરાવો જોઈએ તો તાજેતરમાં વીરેનપાર્કમાં ચોરી, ભોપાનગરમાં દુકાનમાં ચોરી, તે બાદ ગઈકાલે શુભાસ ચોકમાં આવેલી ખેતી ઓજાર બનાવતા કારખાનામાં એક લાખની ચોરી અને માત્ર ૨૪ કલાકમાં ગતરાત્રીએ ચંદ્રલોક સોસાયટીમાં ૧૦ તોલા સોનાના ઘરેણાં, ચાંદીના ગ્લાસ સહીતની અંદાજીત ૩ લાખની મત્તાની ચોરીના બનાવો સમયાંતરે નોંધાતા લોકોમાં ભય ફેલાયો છે. આ ચોરી કઈક અલગ રીતે કરાઈ છે. કેમકે, મકાન માલિક વર્ષાબેન હસમુખભાઈ શાંહ તેમના બાળકો સાથે જે રૂમમાં સુતા હતા તે રૂમમાંથી જ તસ્કરોએ બિન્દાસ લાખોની ચોરી કરી રફુચક્કર થયા છે. એટલે સંભવ છે કે તસ્કરોએ કોઈ બેહોસીની દવા મકાનમાં સુતેલા વ્યક્તિઓને સુંઘાડી તસ્કરી કરી હોય. આ વાતને ખુદ પીડિત મકાન માલિકે પણ અનુમોદન આપેલ છે. આ મામલે દક્ષિણ પોલીસે તપાસ હાથ ધરી હતી અને એફ.એસ.એલ. ડોગ સ્કોડની મદદે અજાણ્યા તસ્કરોની ભાળ મેળવવા ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

'વર્લ્ડ એન્ટી ડ્રગ રે' નિમિત્તે આજે પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર અને જાન્યગૃપ દ્વારા વ્યસન મુક્તી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાના બાળકો પોલીસ જવાનો અને સામાજિક સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા. અને રેલીમાં વિવિધ વ્યસન વિરોધી બેનરો તથા સૂત્રોચ્ચાર કરી લોકો સુધી માહિતી પહોંચાડી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા વહીવટીતંત્રનો માનવીય અભિગમ પહેલ

હિંમતનગર, તા. ૨૬

ઉતરાખંડમાં આવેલા પૂરથી વધુ સૌથી વધુ અસર પામેલા કેદારનાથમાં ફસાયેલા અસરગ્રસ્તનો તમામ લોકોને સહાય પૂરી પાડી શકાય તે હેતુથી સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા માનવીય અભિગમની પહેલ કરવામાં આવી છે જેમાં અસરગ્રસ્તોને સહાય પૂરી પાડવા જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ અને શ્રેષ્ઠીઓને આ સેવાયજ્ઞમાં જોડવવા સાબરકાંઠા જિલ્લા કલેકટર શ્રી બંછાનિધિ પાનીએ અનુરોધ કર્યો હતો.

જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ અને શ્રેષ્ઠીઓ સાથે યોજાયેલ બેઠકમાં કલેકટર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યુ હતુ કે, દેશભર અને રાજયમાંથી કેદારનાથની યાત્રાએ ગયેલા યાત્રાળુઓ મુશ્કેલીના સમયમાં મદદ કરવા જિલ્લા વહિવટીતંત્ર ધ્વારા જિલ્લાના વર્ગ-૧ અને વર્ગ- ૨ના અધિકારીઓ પોતાના એક દિવસનો પગાર મુખ્યમંત્રશ્રી રિલીફ ફંડમાં આપી રજા છે, ત્યારે એની સાથે સાથે જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ અને શ્રેષ્ઠીઓ પણ આ સેવાયજ્ઞમાં જોડાય તેવો અનુરોધ કર્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે સાબરકાંઠા જિલ્લામાંથી ૧૪૭થી વધુ યાત્રિકો કેદારનાથની યાત્રાએ ગયા હતા તે હેમખેમ પરત ફર્યા છે. તેમણે જિલલામાંથી રૂ. ૬૦ લાખથી વધુની સહાય અસરગ્રસ્તોને પૂરી પડાશે તેમ જણાવ્યુ હતું.

આ બેઠકમાં જિલલા વિકાસ અધિકારીશ્રી નાગરાજન એમ. જિલ્લા પોલીસ વડાશ્રી ચિરાગ કોરડીયા સહિત જિલ્લાની અગ્રણી સ્વૈચ્છિક , શૈક્ષણિક અને સહકારી સંસ્થાઓના વડા અને જિલ્લાના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રજા હતા.

ડીસા તાલુકામાં બે વિવિધ અકસ્માતમાં બે ના મોત : એક બાળકે હાથ ગુમાવ્યો

ડીસા, ૨૬

ડીસા તાલુકાના કોચાસના ગામે ગતરાત્રીએ જીપ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું હતું. જ્યારે એક બીજા અકસ્માતમાં આજે સવારે વડાવળ ગામ પાસે ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. જેમાં પણ એક વ્યક્તિનું મોત થયું હતું. જો કે આ અકસ્માતમાં રોડ પાસે સ્કૂલે જતું એક ૧૨ વર્ષનું બાળક અડફેટે આવતા તેનો એક હાથ કપાઈ ગયો હતો.

ડીસા તાલુકામાં ગતરાત્રીથી અત્યાર સુધીમાં બે માર્ગ અકસ્માતોમાં બે ના મૃત્યુ થયા છે. જેમાં પ્રથમ અકસ્માત ડીસા તાલુકાના કોચાસના ગામે રાત્રી સમયે જીપ અને ટ્રક વચ્ચે થયો હતો. જેમાં જીપમાં સવાર ગણેશપુરી કાલુપુરી ગોસ્વામીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અકસ્માતની જાણ થતા નેશનલ હાઈવે ઓથોરીટી કર્મચારી વિક્રમ ઠાકોર દ્વારા મૃતકની લાશને ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાઈ હતી.

જ્યારે આજે વહેલી સવારે બનેલા અન્ય બીજા અકસ્માતનો બનાવ ડીસા તાલુકાના વડાવળ ગામ પાસે ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચે નોંધાયો હતો. જેમાં પુર ઝડપે જતા ટ્રેલર ચાલકે ગફલતભર્યુ ડ્રાઈવીંગ કરી ટ્રેક્ટરને ટક્કર મારતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. જેમાં બાબરભાઈ પીરાભાઈ દેસાઈ ઉં.વ. ૨૬ રહે. લોરવાડાનું કરૂણ મોત થયું હતું. આ કરૂણાંતિકામાં એક માસુમ બાળક કાયમી અપંગતાનો ભોગ બન્યો હતો. મુકેશ પ્રહલાદજી માળી નામનો આ બાળક આદર્શ સ્કૂલ ડીસાનો ધોરણ સાતનો વિદ્યાર્થી હતો. જે સવારની પાળીમાં સ્કૂલે જવા બસની રાહ જોતો હતો. જેમાં ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચેના અકસ્માતમાં અડફેટે આવતા તેનો એક હાથ છુંદાઈ ગયો હતો. જેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જો કે તબીબો તેની હાથ બચાવી ના શકતા આ બાળકે પોતાનો જમણો હાથ કાયમી ગુમાવ્યો હતો. જેનાથી આ માસુમ બાળકના પરિવારજનો કલ્પાંત કરતા ભારે અરેરાટી ભર્યા દૃશ્યો સર્જાયા હતા.

તલોદની શરાફી મંડળીના ચેરમેન પદે ભોગીલાલ પટેલની આઠમીવાર વરણી

તલોદ તાલુકાની પ્રાથમિક શિક્ષક શરાફી મંડળીના વર્તમાન ચેરમેન ભોગીલાલ કેશવલાલ પટેલની સતત આઠમીવાર બિન હરિફ ચેરમેન પદે વરણી કરવામાં આવી છે. શરાફી મંડળીની મળેલી કારોબારીની બેઠકમાં સભ્યોએ વર્તમાન ચેરમેન ભોગીલાલ કેશવલાલ પટેલની કામગીરીથી સંતોષ વ્યક્ત કરતા સર્વાનુમતે ચેરમેન પદે ચાલુ રાખી બિનહરિફ વરણીથી ચૂંટી કઢાયા હતા અને મંડળીની પ્રગતીમાં તેમણે કરેલી કામગીરીને બીરદાવી અભિનંદન પાઠવતા મંડળીનો કાર્યભાર સતત આઠમીવાર ભોગીલાલ પટેલને સોંપ્યો હતો. પ્રાથમિક શિક્ષણ શરાફી મંડળીની ઉત્તરોત્તર પ્રગતી અને કરેલી કામગીરીને યથાવત રાખવા ભોગીલાલ પટેલે સભ્યોને વિશ્વાસ આપી આઠ વખતથી કાર્યભાર ચેરમેનપદે ગ્રહણ કરી સમગ્ર સ્ટાફ પરિવાર અને કારોબારી સભ્યોનો આભાર પ્રગટ કર્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૫૭૮	૮૬૮
જુવાર	૩૫૦	૪૦૫
એરંડા	૬૯૦	૭૦૫
ઘઉં	૩૦૫	૩૪૮
બાજરી	૨૦૦	૨૯૬
ગવાર	૯૦૦	૧૪૬૫

સલાલ

મગફળી	૬૬૦	૮૯૦
ઘઉં	૩૦૦	૩૫૦
બાજરી	૨૪૦	૨૮૨
ડાંગર જયા	૩૦૦	૩૧૫
ડાંગર ગુજ	૩૨૫	૩૪૫

પ્રાંતિજ

એરંડા	૬૬૦	૬૮૦
ઘઉં	૩૦૦	૩૪૫
બાજરી	૨૪૦	૨૭૫
ડાંગર ગુજ	૩૨૫	૩૪૫
ડાંગર જયા	૩૦૦	૩૧૬

ધનસુરા

એરંડા	૬૮૦	૬૯૨
મકાઈ	૨૪૫	૨૯૦
ઘઉં	૩૧૦	૩૬૦
બાજરી	૨૦૦	૨૮૩
ગવાર	૮૦૦	૧૫૦૦

ખેડબ્રહ્મા

ઘઉલોકવાન	૩૦૫	૩૨૫
ઘઉંમધ્ય	૩૧૫	૩૫૦
મકાઈ	૨૨૫	૨૬૧
એરંડા	૬૮૦	૬૮૮
મગફળી	૬૭૫	૩૭૫
મગ	૭૯૫	૧૦૬૧

મોડાસા

એરંડા	૬૭૨	૬૯૨
બાજરી	૨૦૦	૩૧૧
મકાઈ	૨૬૦	૨૮૨
ઘઉં	૩૦૦	૩૫૦
મગફળી	૬૦૦	૮૬૦
ગવાર	૮૦૦	૧૪૦૫
મગ	૯૩૦	૧૦૦૦
જુવાર	૩૭૫	૪૦૧

ટીંટોઈ

એરંડા	૬૭૦	૬૭૬
બાજરી	૨૮૦	૨૭૦
મકાઈ	૨૬૦	૨૮૫
ઘઉં	૩૦૦	૩૩૫
મગફળી	૬૦૦	૮૪૧
ગવાર	૮૦૦	૧૪૦૦
મગ	૯૫૦	૧૧૦૦

દહેગામ

બાજરી	૨૩૯	૨૯૫
ઘઉં	૩૧૫	૩૨૬
ડાંગર	૨૭૩	૨૮૭
એરંડા	૬૯૭	૭૦૯
ગવાર	૮૧૯	૧૪૮૬
મકાઈ	૨૩૦	૩૦૦
તુવેર	૫૨૫	૬૦૦
જુવાર	૩૮૦	૩૯૩
રાયડો	૫૫૦	૫૯૨

રખિયાલ

બાજરી	૨૩૭	૨૯૨
ઘઉં	૩૧૦	૩૨૫
ડાંગર	૨૭૦	૨૮૫
એરંડા	૬૯૫	૭૦૬
ગવાર	૮૧૦	૧૪૭૦
મકાઈ	૨૨૫	૨૮૦
તુવેર	૫૨૦	૬૫૦
જુવાર	૩૭૫	૩૯૦
રાયડો	૫૨૫	૫૯૦

હિંમતનગર

મગફળી	૬૫૦	૮૫૦
એરંડા	૬૯૦	૭૦૨
મગ	૮૦૦	૧૦૫૦
ઘઉં	૩૦૫	૩૩૦
બાજરી	૨૩૦	૨૮૫
મકાઈ	૨૬૫	૨૮૧
ચણા	૬૦૦	૬૪૦
ગવાર	૧૦૫૦	૧૪૩૭

ઈડર

ઘઉં	૩૨૦	૩૬૫
મકાઈ	૨૨૦	૨૫૦
એરંડા	૬૮૦	૭૦૦
બાજરી	૨૫૦	૨૮૦
મગફળી	૬૫૦	૯૦૩
તલ	૭૦૦	૧૭૦૦
ગવાર	૯૫૦	૧૪૫૩
જુવાર	૩૩૦	૪૦૦
મગ	૯૦૦	૧૦૫૦

કડી

ઘઉં	૨૯૦	૩૫૩
જુવાર	૨૮૦	૪૪૭
ડાંગર	૩૩૧	૩૭૦
બાજરી	૨૫૬	૩૧૦
બંટી	૩૯૬	૪૦૯
ગવાર	૧૧૨૦	૧૪૭૦
એરંડા	૬૮૩	૬૮૮
રાયડો	૫૯૨	૬૦૧

પાલનપુર

ઘઉં	૨૯૮	૪૩૦
બાજરી	૧૯૨	૨૯૬
એરંડા	૬૬૮	૬૯૫
રાજગરો	૯૩૧	૧૦૮૨
જુવાર	૫૬૦	૬૦૩
મગફળી	૬૬૦	૮૭૦
ગવાર	૯૦૦	૧૪૦૦

સિદ્ધપુર

રાજગરો	૯૪૧	૧૦૫૫
વરીયાળી	૯૫૦	૧૨૮૧
મગ	૯૦૦	-
તલ	૧૭૦૦	૧૮૨૯
રાયડો	૬૦૦	૬૧૭
એરંડા	૬૭૬	૭૦૪
ગવાર	૧૦૦૦	૧૪૭૫
ઘઉં	૨૫૯	૩૬૭
બાજરી	૨૧૨	૩૨૦
જુવાર	૨૫૦	૬૩૮
જીરૂ	૨૩૫૧	૨૪૧૫
ઈસબગુલ	૧૧૫૦	-
સવા	૬૬૬	૭૧૧

વિસનગર

ઘઉં	૨૯૫	૩૬૭
બાજરી	૨૦૦	૩૨૨
રાયડો	૫૫૦	૬૩૨
એરંડા	૬૬૫	૭૦૨.૫૦
જુવાર	૩૦૦	૫૬૪
તલ	૧૭૨૧	૨૦૦૦
જવ	૨૬૦	-
મગ	૧૦૫૦	૧૧૦૦
મેથી	૫૦૦	૫૩૫
ગવાર	૭૦૦	૧૪૦૭
રજકાના બી	૧૩૦૦	૨૫૦૦

મહેસાણા

જુવાર	૨૮૧	૫૫૦
ઘઉં	૨૯૦	૩૮૬
જીરૂ	૨૩૪૦	૨૪૫૦
રાયડો	૫૩૪	૬૦૯
રજકાળી	૧૨૦૦	૨૭૦૦
વરીયાળી	૮૮૧	-
બાજરી	૨૩૪	૨૯૫
એરંડા	૬૭૧	૬૯૫
અજમો	૪૭૬	૧૨૨૩
ગવાર	૯૪૫	૧૩૯૨
બંટી	૩૮૬	-

આંબલીયાસણ

ઘઉં	૨૯૪	૩૫૩
બાજરી	૧૯૧	૨૮૫
રાયડો	૫૯૩	૬૦૧
એરંડા	૬૭૯	૬૮૪
ગવાર	૧૦૫૧	૧૪૦૧
જવ	૨૪૧	-
જુવાર	૩૦૦	૩૭૬

જોટાણ

ઘઉં	૨૬૦	૩૪૫
એરંડા	૬૬૫	૬૮૫
રાયડો	૫૯૧	-
બાજરી	૨૧૫	૨૩૫
ગવાર	૬૦૨	૧૪૦૦

હારીજ

મેથી	૪૮૬	૫૧૭
રાયડો	૫૮૦	૬૧૧
એરંડા	૬૫૫	૬૮૫
સાસટો	૩૦૦	૪૦૦
બાજરી	૨૫૫	૩૦૪
ઘઉં	૨૯૦	૩૭૩
ગવાર	૧૦૦૦	૧૫૦૦
અડદ	૫૦૦	૭૫૫
ચણા	૫૫૫	૬૦૪
જીરૂ	૨૨૦૦	૨૫૭૩
સવા	૬૦૦	૭૦૦
બંટી	૩૫૦	૪૦૦

કલોલ

ઘઉં	૩૦૫	૩૫૭
એરંડા	૮૬૮	૬૯૪
બાજરી	૨૪૬	૨૯૬
રાયડો	૬૦૧	૬૦૪
ડાંગર	૨૬૦	૩૫૦
ગવાર	૧૨૫૧	૧૫૦૧
જુવાર	૩૪૦	૫૪૧

બાયડ

એરંડા	૬૬૦	૬૮૫
ઘઉં	૨૯૫	૩૫૦
બાજરી	૨૧૫	૨૭૦
મકાઈ	૨૬૫	૨૮૫
ગવાર	૭૦૦	૧૫૦૦

પાટણ

જીરૂ	૨૦૦૦	૨૪૮૦
વરીયાળી	૭૮૦	૧૩૩૦
બંટી	૩૪૫	૪૦૦
એરંડા	૬૬૦	૭૧૦
રાયડો	૫૪૦	૬૬૮
ઘઉં	૨૯૫	૩૮૮
જુવાર	૩૦૦	૪૧૬
બાજરી	૨૩૦	૨૯૨
જવ	૨૪૦	-
ગવાર	૧૦૦૦	૧૩૮૬
મેથી	૫૪૪	-
સવા	૫૫૦	૮૧૫

ઉંઝા

જીરૂ	૨૦૩૦	૨૮૭૦
વરીયાળી	૯૪૫	૧૯૪૫
ઈસબગુલ	૧૨૭૦	૧૫૧૭
સરસવ	૫૬૦	૭૦૦
રાયડો	૫૯૦	૬૬૭
મેથી	૫૪૧	૫૬૫
તલ	૨૦૨૫	૨૨૦૦
સવા	૬૧૧	-
અજમો	૮૨૫	-